ક્રમાંક:મઉમશબ/શાનિ/૨૦૨૧/2307/40

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.
તા.૨૨/૦૬/૨૦૨૧

**ખૂબ અગત્યનું**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ,
ગુજરાત રાજ્ય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ના વિનિયમ-૯(૧૩)(૩) માં સુધારા કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૯૮૩/છ.

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે covid-19 ની ફેલયેલી વૈશ્વિક મહામારીના કારણે સને-૨૦૨૧ ના વર્ષમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થીઓને બોર્ડની જાહેર પરીક્ષાના બદલે માસ પ્રમોશન આપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા માસ પ્રમોશનનો નિર્ણય લેવામાં આવેલ હતો. જે અન્વયે રાજ્યમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના પ્રશ્નો ઉદ્દભવે નહિ તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ના વિનિયમ-૯(૧૩)(૩) માં સંદર્ભદર્શિત પત્ર અન્વયે સુધારો કરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માટે તેમજ શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માટે આ સુધારો અમલી રહેશે. ત્યાર બાદ શિક્ષણ વિભાગના તા.૧૬/03/૨૦૨૧ ના સમાન ક્રમાંકના ઠરાવની મૂળ જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે તેમજ આ ઠરાવનું અમલીકરણ સ્થાનિક કક્ષાએ પુરતી સતર્કતા સાથે એ રીતે કરવાનું રહેશે. જેથી રાજ્ય સરકાર ઉપર તેને કોઈ વધારાનું નાણાકીય, મહેકમ વિષયક ભારણ કે કાયદાકીય જવાબદારી ઉદ્દભવે નહિ. જે ધ્યાને લેશો.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 2709
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: 23/06/21
સહી:

**બિડાણ :**

- સંદર્ભદર્શિત ઠરાવ.

**નકલ રવાના :-**

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧ લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શિક્ષણ વિનિયમો૧૯૭૪ના વિનિયમ ૯(૧૩)
(૩)માં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૯૮૩/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૨/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૩/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૯૮૩/છ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૧/૫૫૨/છ
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૩/૦૬/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૧/૫૭૫/છ.
(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૨૧/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક:મઉમશબ/શા.નિ./૨૧૯૭.

આ મુ ખ:-

શિક્ષણ વિભાગના વચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ૮ અને ૯ માં સુધારા કરવામાં આવેલ છે. કોરોના(કોવિડ-૧૯)ની ફેલાયેલી વૈશ્વિક મહામારીના કારણે સને ૨૦૨૧ના વર્ષમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થીઓને બોર્ડની જાહેર પરીક્ષાના બદલે પાસ પ્રમોશન આપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ હતો. જે અન્વયે ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને આપવાના પરિણામપત્રક અને ધોરણ-૧૧ માં પ્રવેશ અંગેની જોગવાઇઓ માટે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના ઠરાવથી સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિની ભલામણોનો શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના ઠરાવથી સ્વીકાર કરવામાં આવેલ છે. રાજ્યમાં આવેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ના પ્રવેશ અંગેના પ્રશ્નો ઉદ્દભવે નહિં તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ૯(૧૩)(૩) માં આ સાથે સામેલ પત્રક-ત મુજબ સુધારા કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં આવેલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ ના પ્રવેશ અંગેના પ્રશ્નો ઉદ્દભવે નહિં તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક

શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ૯(૧૩)(૩) માં આ સાથે સામેલ પત્રક-ટ મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માટે તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માટે આ સુધારો અમલી રહેશે. ત્યારબાદ શિક્ષણ વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૧ના સમાન ક્રમાંકના ઠરાવની મૂળ જોગવાઇઓનો અમલ કરવાનો રહેશે. તેમજ આ ઠરાવનું અમલીકરણ સ્થાનિક કક્ષાએ પૂરતી સતર્કતા સાથે એ રીતે કરવાનું રહેશે કે જેથી રાજ્ય સરકાર ઉપર તેને કારણે કોઇ વધારાનું નાણાકીય, મહેકમ વિષયક ભારણ કે કાયદાકીય જવાબદારી ઉદ્ભવે નહિં.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૧/૦૬/૨૦૨૧ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.એસ.પટેલ )
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ (ગુ.મા.અનેઉ.મા.શિ.બોર્ડ મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી.સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના.સે.અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

**શિક્ષણ વિભાગના તા.૨૨/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૯૮૩/છ સાથેનું બિડાણ**

**પત્રક-ટ**

| વિનિયમ ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૯ | (૧૩)(૩)<br>વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે. પરંતુ વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા ૬૦ રહેશે.<br>વધુમાં જે વર્ગમાં સાઈઠ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગા અને સાધન-સામગ્રી હોય તે વર્ગમાં સાઈઠ વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે ન હોય તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી. પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશની મંજૂરી આપશે.<br>વધુમાં, સચિવ ખાસ સંજોગોમાં અને જરૂરી લાગે તો આ ખંડમાં નિયત કરવામાં આવેલી મર્યાદા ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા છુટ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજુરીથી નોંધાયેલી શાળાને આપી શકશે. | (૧૩)(૩)<br>વર્ગરૂમમાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ જગાની સગવડ ધ્યાને લેતા વર્ગખંડદીઠ ૭૫ (પંચોતેર) જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.<br>વધુમાં જે વર્ગરૂમમાં ૭૫ (પંચોતેર) વિદ્યાર્થીઓ ઉપરાંત વધુ વિદ્યાર્થીઓ સમાવવા માટે પૂરતી જગા અને સાધન-સામગ્રી હોય તો વર્ગરૂમમાં ૭૫ (પંચોતેર) વિદ્યાર્થીઓ કરતા વધુ વિદ્યાર્થીઓને શાળાના વડાશ્રી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશ આપી શકશે. |

પરિપત્ર. નં. 715

ક્રમાંક:પરીક્ષા/પ્રવેશ મંજુરી/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૨૩/૦૬/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી ૫
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિ-અમરેલી